# મેટ્રો-3 રૂટના બીકેસી સ્ટેશનનું કામ 92 ટકા પૂરું

મુંબઈ | કોલાબા-બાન્દ્રા-સીઝ મેટ્રો-3 રૂટના અંડરગ્રાઉન્ડ બીકેસી સ્ટેશનનું કામ 92 ટકા પૂરું થયું છે. આ રૂટના પહેલા તબક્કામાં આ સૌથી વધુ મહત્વનું સ્ટેશન હશે. આ તબક્કો ડિસેમ્બર 2023 સુધી શરૂ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. મેટ્રો-3 રાજ્યની પ્રથમ અંડરગ્રાઉન્ડ મેટ્રો છે. 33 કિલોમીટર લાંબા આ રૂટ પર કુલ 27 સ્ટેશન હશે. એમાંથી આરેથી બીકેસી 10 સ્ટેશનનો પહેલો તબક્કો ડિસેમ્બર 2023 સુધી શરૂ કરવાનું પ્રસ્તાવિત છે. એમાં બીકેસી સ્ટેશન મહત્વનું હોવાથી પહેલા તબક્કાનું નિયંત્રણ કક્ષ પણ ત્યાં જ ઊભું કરવામાં આવી રહ્યું છે. બીકેસી સ્ટેશન મેટ્રો રૂટનું સૌથી મોટું સ્ટેશન હોવાથી એ હબ સ્વરૂપનું હશે. આ તમામ પાર્શ્વભૂમિ પર મેટ્રો-3 રૂટ તૈયાર કરતા મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશનના વ્યવસ્થાપકીય સંચાલિક અશ્વિની ભિડે અને સંચાલક (પ્રકલ્પ) સુબોધ ગુપ્તા સહિત બીજા અધિકારીઓએ બીકેસી સ્ટેશનના કામનું નિરીક્ષણ કર્યું હતું.